## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




મોદીજી નક્કી કરે કે ન કરે, જીતેલા રકમ પર અઠ્યાવીસ ટકા જીએસટી ભરી જ દેવાનો છે... કોઈ વસ્તુ ગેરકાયદેસર ન હોવી જોઈએ...!!

# આભડછેડ મુક્ત અભિયાનના કાર્યકર્તાઓ ૧૨૫ મીટર લાંબો રાષ્ટ્રધ્વજ લઈ કલેક્ટર કચેરી આવ્યા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં આજે આભડછેડ મુક્ત અભિયાન-૨૦૪૭ના એકસોથી વધુ કાર્યકરો ટ્રેક્ટરમાં બેસી આવી પહોંચ્યા હતા. જેમણે ૧૫મી ઓગષ્ટે 'આભડછેડ મુક્ત ગામ' જાહેર કરવાની માંગ સાથે એક આવેદન પત્ર જિલ્લા કલેક્ટર સતીષ પટેલને આપ્યુ હતુ.

આ કાર્યકરો એમની સાથે ૧૨૫ મીટર લંબાઈ ધરાવતો ૮૩X૦૩ મીટરની પહોળાઈ ધરાવતો શુદ્ધ ખાદીનો રાષ્ટ્રધ્વજ લઈ આવ્યા હતા. જે કલેક્ટરને આપવા માટે લાવ્યા હતા પરંતુ તે સાદર પરત કરવામાં આવ્યો હતો.

આ કાર્યકર્તાઓ તેમની સાથે ૧ સુપડુ ચામડા સાથે મઢેલ ચાર ફૂટનું તેમજ તેમની માંગણીઓ સાથેના લેમિનેશન સાથેના બે બોર્ડ, એક થેલી શુધ્ધ ખાદી જેના પર રામનામ સત્ય છે આભડછેડ આજે પણ છે તેવુ લખાણ લખેલી લઈ આવ્યા હતા.

આટલા મોટા રાષ્ટ્રધ્વજ સાથે આંદોલનકારીઓ કલેક્ટર કચેરી સુધી આવી પહોંચતા તંત્રના કર્મચારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા અને તાબડતોબ કલેક્ટરે નીચે આવી જઈ પરિસ્થિતિને સંભાળી લીધી હતી અને કાર્યકરો પાસેથી આવેદનપત્ર સ્વીકારી રાષ્ટ્રધ્વજ સાદર પરત કરવાની જાહેરાત સાથે તેમની લાગણી સરકારને પહોંચાડાશે તેવી હૈયાધારણા આપી હતી.

# રાંધણ છઠ્ઠ નિમિતે અવનવી વાનગીઓની બોલબાલા

તહેવારોમાં ઉપવાસ સાથે આરાધના પણ નાગરીકો કરતા હોય છે. તો ક્યાંક ફળાહાર અને ફરસાણના ચટાકા સાથે પણ તહેવારોની રંગત જામતી હોય છે. શહેરના બજારમાં રાંધણ છઠ્ઠના પગલે લીલા શાકભાજીના ભાવ વધુ ઉંચકાયા છે. મોંઘવારીને પગલે ઘરમાં બનતા અવનવા શાક પણ ગાયબ થઈ ગયા છે. ત્યારે રાંધણછઠ્ઠ નિમિતે બજારોમાં શાકભાજી તેમજ વિવિધ ખરીદીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. શીતળા સાતમના દિવસે ગૃહિણીઓ અગ્નિપ્રકોપથી બચવા ચુલા પ્રગટાવતી નથી અને ચુલા ઠંડા રાખે છે. એટલે કે સાતમનું પણ જમવાનું રાંધણ છઠ્ઠના રોજ તૈયાર કરી દેતી હોય છે. અને સાતમના દિવસે રાંધણછઠ્ઠના દિવસે તૈયાર કરેલ જમવાનું ઠંડુ આરોગતા હોય છે. ત્યારે રાંધણછઠ્ઠ



પણ સમય બદલાતા આધુનિક બની જવા પામી છે. મોટાભાગે નોકરીયાત મહિલાઓ રાંધણછઠ્ઠના દિવસે ટાઈમ ના હોવાથી બજારમાંથી જરુરીયાત મુજબનું તૈયાર ખરીદી લે છે. જેને પગલે વેપારીઓ પણ અગાઉથી વિવિધ વસ્તુઓ તૈયાર કરી દેતા હોય છે. રાંધણછઠ્ઠ માટે બજારમાં અત્યારે હાડવો, બાજરી-મકાઈના વડા, લોચા પુરી, મેથીના થેપલા, ભાખરી, સુકી ભાજી, કાજુકારેલા, બુંદીના અને ચુરમાના લાડું, ઠાબડી માવો, રબડી, બાસુંદી, ચાવણું સહિતની અવનવી આઈટમ રાંધણછઠ્ઠના દિવસે નાગરીકો ખરીદતા હોય છે. તમામ વાનગીઓ રૂ.૧૦૦થી ૨૫૦ કિલોના ભાવે વેચાય છે. ત્યારે મોટાભાગની મહિલાઓ તૈયાર ચીજવસ્તુઓ વધુ પસંદ કરે છે. જયારે વેપારીઓ પણ ગ્રાહકોની પસંદગીની વસ્તુ બજારમાં સરળતાથી મળી રહે તે માટે આગોતરુ આયોજન કરીને ખાસ બનાવી રાખતા હોય છે. રાંધણછઠ્ઠના દિવસે વિવિધ તૈયાર ચીજવસ્તુઓની ખરીદી માટે બજારમાં માનવ મહેરામણ જોવા મળશે.

# ગાંધીનગર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કલોલ ખાતે કરાશે

ગાંધીનગર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી તા. ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૭ના રોજ સવારના ૯.૦૦ કલાકે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ, અમદાવાદ-મહેસાણા હાઈવે, કલોલ ખાતે કરાશે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વમાં ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવશે. ગાંધીનગર તાલુકા કક્ષા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી સવારના ૯.૦૦ કલાકે ચ-૩ નજીકના રામકથા મેદાન, સેકટર-૧૧ ખાતે કરાશે. આ પ્રસંગે નાણા વિભાગના સચિવ શ્રી તથા ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ શ્રી સંજીવકુમારના હસ્તે ધ્વજવંદન કરાશે.

# અડાલજ-પોર રોડ પર વ્યાજખોરોના ત્રાસથી ૧૬ વર્ષનાં કિશોરે એસીડ પી લીધુ..!

## ૨૦ દિવસથી હોસ્પિટલાઈઝ્ડ કિશોર જીવન-મરણની પથારીએ : ગુનાને ગંભીરતાથી ન લેનાર અડાલજ પોલીસે હજુ સુધી ચાર પૈકી એક પણ આરોપી પકડ્યો નથી : પોલીસની ભૂમિકા શંકાસ્પદ

ગાંધીનગર, તા. ૧૧

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા ૧૬ વર્ષના કિશોરે તેના પડોશી યુવાન કે જે વ્યાજ વટાઉનો ધંધો કરે છે તેની પાસેથી ૧૦-૧૫ હજાર રૂપિયા લીધા હશે. તેના વ્યાજ પેટે કટકે કટકે આ વ્યાજખોર યુવાને તથા અન્ય સાગરીતોએ મળીને સગીર પાસેથી દોઢેક લાખ પડાવી લીધા..! હજુ પણ બીજા ૧૫-૨૦ હજાર રૂપિયા ૧૯ જુલાઈએ આપવા ધમકી આપતા કંટાળી ગયેલા સગીરે અડાલજ-પોર રોડ પર આવીને એસીડ ગટગટાવી લીધુ હતુ. ૨૫ દિવસથી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલો સગીર હોસ્પિટલાઈઝડ છે તો બીજી તરફ અડાલજ પોલીસની ભૂમિકા પણ શંકાસ્પદ જણાઈ રહી છે. ૨૦ દિવસ બાદ પણ તપાસનીસ અધિકારી ચાર પૈકી એકેય આરોપીને પકડી શકી નથી અને આરોપીઓ આવતા ન હોવાનો લુલો બચાવ કરી રહી છે. આ આરોપીઓ પોલીસ સ્ટેશને આવે કે પોલીસ તેને પકડવા જાય તે પ્રશ્ન હજુ મુંઝવી રહ્યો છે.

મળતી માહિતી મુજબ વસ્ત્રાલ ખાતે રહેતા મોડસિંહ રાવ અમરાઈવાડી ખાતે યોગેશ સ્ટીલના નામે ટી.એન.ટી. સંભાળવાનો વેપાર કરે છે. તેમનો ૧૬ વર્ષનો દિકરો તેમના વેપારમાં મદદ કરે છે. મોડસિંહના જણાવ્યા મુજબ સગીર વયના દિકરાએ થોડા સમય પહેલા પડોશમાં રહેતા વ્યાજ વટાઉના ધંધા સાથે સંકળાયેલા હાર્દિક તેજા દેસાઈ પાસેથી ૧૦-૧૫ હજાર રૂપિયા લીધા હતા. આ રૂપિયાના વ્યાજનું વ્યાજ કરીને ટુકડે ટુકડે હાર્દિકે દોઢેક લાખ રૂપિયા અત્યાર સુધીમાં પડાવી લીધા હતા. ફરી હાર્દિકે ૧૬-૧૭ જુલાઈએ સગીર પાસેથી બીજા રૂ. ૧૫-૨૦ હજારની માંગણી કરી ૧૯ તારીખ સુધી રૂપિયા તૈયાર રાખવા ધમકી આપી મારઝુડ કરી હતી. હાર્દિક તથા સંજય દેસાઈ, રાહુલ તોમર અને રઘુ ચૌહાણે મળીને મારઝુડ કરી સગીરને હેરાન કરી દીધો હતો. કંટાળી ગયેલો સગીર ૧૯ તારીખે પોતાનુ બાઈક લઈને અડાલજ-પોર રોડ પર આવી ગયો હતો અને રસ્તા પર જ બાઈક પાર્ક કરી એસીડ ગટગટાવી લીધુ હતુ. ગંભીર હાલતમાં તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. અને હજુ તે સારવાર હેઠળ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. આ ગંભીર ઘટનાને અડાલજ પોલીસ અત્યંત હળવાશથી લઈ રહી હોય તેમ લાગી રહી છે. ૨૦-૨૦ દિવસ બાદ પણ ચારમાંથી એકેય આરોપીને અડાલજ પોલીસ મથકની તપાસનીસ અધિકારી પીએસઆઈ આરતીબેન જી. એનુલકર હજુ સુધી પકડી શકી નથી. અડાલજ પોલીસની ભુમિકા એક તરફ શંકાસ્પદ લાગી રહી છે તો બીજી તરફ એસીડ ગટગટાવીને ગંભીર હાલતમાં સારવાર હેઠળ દાખલ સગીરના પરિવારજનો ન્યાય ઝંખી રહ્યા છે.

# ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પુરગ્રસ્તો માટે પાંચ હજાર ધાબળા રવાના કરાયા

બનાસકાંઠા અને પાટણ જિલ્લાના પુરગ્રસ્તો માટે પાંચ હજાર ધાબળા અરવિંદ મિલ્સ લી. દ્વારા જિલ્લા વહીવટી તંત્ર ગાંધીનગર આપતાં જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ, અધિક નિવાસી કલેકટર શ્રી એચ.એમ. જાડેજા અને અરવિંદ મિલ્સના કોર્પોરેટ હેડ શ્રી કે.બી.માંકડીયા દ્વારા આ રાહત સામગ્રીની ટ્રેકને રવાના કરાઈ હતી.

# એપોકેલિપ્સ-૨૦૧૭માં ૧૭ ટ્રોફી સાથે કે.બી. ફાર્મસી કોલેજ વિજેતા

જેવો ધમાકેદાર પ્રારંભ હતો તેવું જ શાનદાર સમાપન એપોકેલિપ્સ-૨૦૧૭નું યોજાયું હતુ. રાજયકક્ષાની આ ઈવેન્ટમાં યજમાન કોલેજ કે.બી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી એજ્યુકેશન એન રિસર્ચે ૧૭ ટ્રોફી સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગાંધીનગરને ગૌરવ અપાવ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ ઈવેન્ટમાં ધનવંતરી ફાર્મસી કોલેજના સૌથી વધુ ૯૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

એપોકેલિપ્સ-૨૦૧૭ના બીજા અને અંતિમ દિવસે વોકલ સાઈક્લોન, ફાર્મા ફ્યુઝન, વર્લ્ડ ઈન પારલે, ક્વિઝ, ફાર્માએડ, ડિબેટ, અનલોક ઈટ જેવી રસપ્રદ સ્પર્ધાઓ યોજાઈ હતી. વોકલ સાઈક્લોનમાં વિદ્યાર્થીઓએ શીઘ્ર વક્તૃત્વ રજૂ કર્યા હતા તો ફ્યુઝન ફાર્મામાં આપવામાં આવેલ ઈન્ગ્રેડિયન્ટસથી નવા નવા ફોર્મ્યુલેશન્સ તૈયાર કર્યા હતા. ડિબેટની ચર્ચાઓ વિધાનસભાના સત્ર જેવી ધમાકેદાર બની હતી તો ફાર્મા એડમાં દવાઓના માર્કેટીંગ માટે વિદ્યાર્થીઓએ નવતર મનોરંજન પ્રયોગો રજૂ કર્યા હતા. અગાઉ પ્રથમ દિવસે બપોર પછી યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ વિદ્યાર્થીઓએ એક પછી એક રંગારંગ કૃતિઓ રજૂ કરી હતી જેને ખીચોખીચ ભરેલા ઓડિટોરિયમે તાળીઓ-સીટીઓથી વધાવી હતી. એપોકેલિપ્સના અંતે કે.બી. ફાર્મસી કોલેજ વિજેતા બનતા સમગ્ર કેમ્પસમાં આનંદનું મોજુ પ્રસરી જવા પામ્યું હતું.



# સિવિલમાં સ્વાઈન ફલુના દર્દીઓ માટે ખાસ વોર્ડ તૈયાર કરાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુના કેસ જોવા મળી રહ્યા છે. અત્યાર સુધીમાં સ્વાઈન ફલુના કેસની સંખ્યા ૨૨ જેટલી થવા પામી છે. ત્યારે શહેરમાં રોગચાળો વધુ ના વકરે તેના માટે આરોગ્ય તંત્ર દ્વારા સઘન કામગીરી હાથ ધરાઈ છે. જયારે હોસ્પિટલ તંત્રને પણ ખાસ સુચન આપવામાં આવ્યા છે. જેને પગલે હોસ્પિટલમાં ખાસ સ્વાઈન ફલુના દર્દી માટે વોર્ડ તૈયાર કરાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે. પરંતુ વરસાદી વાતાવરણ વચ્ચે રોગચાળો દિન પ્રતિદિન બેકાબુ બનતો જાય તેવુ લાગી રહ્યું છે. ભેજવાળી આબોહવાને કારણે ઘેરઘેર બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. તાવ,શરદી-ઉધરસ, ઝાડા-ઉલ્ટી સહિતના દર્દઓથી ઓપીડી ઉભરાય છે. તેવા સમયે સ્વાઈન ફલુ પોઝીટીવ કેસ માટે ખાસ જુની બિલ્ડીંગમાં ઈમરજન્સી વિભાગની ઉપર બીજા માળે વોર્ડ તૈયાર કરાયો છે. જયારે સસ્પેકટેડ દર્દીઓ રાખવા માટે ત્રીજા માળે વોર્ડ બનાવાયો છે. જયારે દર્દીઓની સારવારની સાથોસાથ ડોકટર તેમજ સ્ટાફને પણ જરુરી તકેદારી રાખવા સુચનો તંત્ર દ્વારા આપવામાં આવ્યા છે.ગાંધીગનર જિલ્લામાંથી છુટા છવાયા સ્વાઈન ફલુના કેસ મળતા આરોગ્ય વિભાગ પણ ચોંકી ઉઠ્યું છે.




ગાંધીનગર સે. ૧૨ના આંબેડકર હોલ ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી ખુબજ આનંદભર્યા વાતાવરણમાં કરાઈ હતી. આ પ્રસંગે ચૂંટાયેલા આદિવાસી પ્રતિનિધિઓ પણ જોડાયા હતા.

# હવે, ચૂંટણી ઢંઢારા પણ ચોરતી કોંગ્રેસયુક્ત બનેલી ભાજપ સરકાર

## વિદ્યાર્થીઓ અને લાખ્ખો બેરોજગાર શિક્ષિત યુવાનોને ટેલબેટની સાથે નોકરી પણ આપો : ડો. હિમાંશુ પટેલ

ગુજરાત રાજ્યમાં છેલ્લા બે દસકા દરમિયાન શિકણની ઘોર ખોદી નાખરનાર ભાજપ સરકારે ચૂંટણી આવતા જ વિદ્યાર્થીઓને યાદ કરીને ટેબલેટ આપવાનું રાજકીય સ્ટન્ટ કર્યો હોવાનું જણાવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે કોંગ્રેસયુક્ત બનેલી ભાજપ સરકારે પાંચ વર્ષ અગાઉ કોંગ્રેસે આપેલા ચૂંટણી ઢંઢેરાને અપનાવી ફરી એકવાર વિદ્યાર્થીઓને ગુમરાહ કરવા સામે આક્રોશ વ્યક્ત કર્યો છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે ભાજપ સરકાર દ્વારા ગુજરાત યુનિવર્સિટીના ૭૦૦ વિદ્યાર્થીઓને ટેબલેટ આપી ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણી માટે રાજકીય સ્ટન્ટ કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફોટા સાથે અંદાજે ૩ લાખ વિદ્યાર્થીઓને આ નમો ટેબલેટ આપવામાં આવનાર છે ત્યારે ઉલ્લેખનીય છે કે, ૨૦૧૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી વખતે કોંગ્રેસ દ્વારા ચૂંટણી ઢંઢેરામાં દરેક વિદ્યાર્થીઓને ટેબલેટ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ ભાજપ સરકારે છેક પાંચ વર્ષે ફરી ચૂંટણીના પડઘમ વાગતા ટેબલેટ આપવાની શરૂઆત કરી વિદ્યાર્થીઓની મજાક કરી છે.

ભાજપ સરકાર આ નમોટેબલેટ આપવા માટે લગભગ ૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની છે પરંતુ આ રકમ સામાન્ય પ્રજાની પાસેથી ટેક્સમાંથી ખંખેરીને ભેગી કરાઈ છે. જ્યારે ધારાસભ્યોના ખરીદ વેચાણથી કોંગ્રેસયુક્ત બની ગયેલી ભાજપ સરકાર દ્વારા હવે નૈતિક્તા અને શરમને એકબાજુએ મૂકી કોંગ્રેસ પક્ષના ચૂંટણી ઢંઢેરા પણ પોતાના નામે ચડાવાવના પ્રયાસો થઈ રહ્યા છે. આ અગાઉ ઘરનું ઘર યોજનાની જેમ બીજી કોંગ્રેસની અનેક યોજનાઓને ભાજપ સરકારે નવા નામ સાથે પોતાના નામે ચડાવી છે. વિદ્યાર્થીઓને વ્યાજબી ફી સાથે ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ આપવું જોઈએ.


**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**

મધુર ડેરી, ઈલેક્ટ્રોનીક એસ્ટેટ, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર-૩૮૨૦૨૩

ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮ ● ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

**મધુર પ્રોડક્ટ વેચાણ કેન્દ્ર આપવા બાબત**

ગાંધીનગર જિલ્લા-શહેર અને ગાંધીનગર શહેરના નવા વિકસતા વિસ્તારોમાં મધુરની તમામ પ્રોડકટનું વેચાણ કરવા માટે કેન્દ્ર આપવાના છે. જેઓની પાસે પરમેનન્ટ ઈન્કમટેક્ષ નંબર ધરાવતા હોય તેમજ વેચાણનો અનુભવ ધરાવતા હોય તથા પોતાની માલિકીની કે ભાડાની દુકાન ધરાવતા હોય તેવા ઈસમો / ફર્મ તથા સહકારી સંસ્થાને મધુર ડેરીની ઓફિસે રૂબરૂમાં આવી કેન્દ્ર અંગેનું શરતો સાથેનું અરજી ફોર્મ રૂ. ૧૦૦/- રોકડા ચૂકવી (નોન રીફંડેબલ) તા. ૨૨/૮/૨૦૧૭ના રોજ ૧૫-૦૦ કલાક સુધીમાં મેળવી, ભરેલુ અરજી ફોર્મ મોડામાં મોડા તા. ૨૩/૮/૨૦૧૭ સુધીમાં ઉપરોક્ત દર્શાવેલ સરનામે મળી જાય તે રીતે પહોંચાડવાનું રહેશે. સમય મર્યાદા બાદ કોઈપણ ટેન્ડર / ઓફર સ્વીકારવામાં આવશે નહિ. ટેન્ડર / ઓફર સ્વીકારવી કે ન સ્વીકારવા તેનો અબાધિત અધિકાર મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

**મેનેજીંગ ડિરેક્ટર**

**જાહેર નિવિદા**

સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક : મકમ/૨૦૦૪/૨૫૩૯/(૧)/ખ-૩ તા. ૧/૪/૨૦૧૦ના અનુસંધાનમાં 'કચેરી વ્યવસ્થાપન સેવા' પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સી પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડર ફી રૂ. ૧૦૦૦/- ચુકવીને ટેન્ડર રૂબરૂમાં મેળવી શકશે. ભરેલા ટેન્ડર પરત કરવાની છેલ્લી તા. ૨૮/૮/૨૦૧૭ના રોજ ૩.૩૦ કલાકે. અન્ય વિગતો કચેરીના નોટીસ બોર્ડ તેમજ ટેન્ડર ફોર્મમાં ઉપલબ્ધ છે.

સહી/-
નાયબ સ્થપતિ
મુખ્ય સ્થપતિ અને નગર નિયોજકશ્રીની કચેરી
નિર્માણ ભવન, પહેલો માળ, ગાંધીનગર

માહિતી/૧૩૨૪/૧૭-૧૮


# આઈલાનોર્સ વુમન ફાઉન્ડેશન દ્વારા જીવન-જરૂરી ચીજવસ્તુનું વિતરણ

આઈલાનોર્સ વુમન ફાઉન્ડેશન દ્વારા સ્પેશીયલ ચિલ્ડ્રન હોમ સેકટર-૧૯ ખાતે આવેલા બાળકો માટે જીવન જરૂરીયાત ચીજવસ્તુઓનું દાન કરવામાં આવ્યું હતું. સંસ્થાના સભ્યો નોરીનબેન દ્વારા બાળકો માટે ચોપડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ મેઘાબેન ભટ્ટ દ્વારા તુવેરદાળ, મધ, બ્રેડ, કેક તેમજ સ્ટેશનરી સહિત વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# કલોલ તાલુકાની ૨૭૧ મહિલાઓને ઉજ્જવલા યોજના અંતર્ગત ગેસ કનેકશન આપાયા

કલોલ તાલુકાના શહેર અને તાલુકાઓની મહિલાઓને પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત ૨૭૧ મહિલાઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા હતા. કલોલના છત્રાલ ગામ ખાતે યોજાયેલ મહિલાઓને મળ્યું સન્માન કાર્યક્રમ અંતર્ગત આ ગેસ કનેકશન જિલ્લા કલેકટર શ્રી સીતશ પટેલના હસ્તે મહિલાઓને અર્પણ કરાયા હતા. આ પ્રસંગે કલોલ પ્રાંત અધિકારી શ્રી કે.વી.ભાલોડિયા, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી દર્શનાબેન રાંક, કલોલ મામલતદાર પટેલ સહિત મોટી સંખ્યામાં લાભાર્થી ઉપસ્થિત રહ્યા હતા.


**Gujarat State Petronet Limited**

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

**EXTRACT OF STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE 2017**

(₹ in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results: Quarter ended 30.06.2017 (Unaudited) | Year ended 31.03.2017 (Audited) | Quarter ended 30.06.2016 (Unaudited) |
|---|---|---|---|---|
| 1 | Total Income from Operations(net) | 31,277.81 | 1,11,575.63 | 27,254.43 |
| 2 | Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items) | 23,887.65 | 73,778.80 | 18,807.21 |
| 3 | Net Profit/(Loss) for the period before tax (after Exceptional items) | 23,887.65 | 73,778.80 | 18,807.21 |
| 4 | Net Profit/(Loss) for the period after tax (after Exceptional items) | 15,251.62 | 49,663.96 | 12,126.23 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 15,228.32 | 49,641.18 | 12,105.56 |
| 6 | Equity Share Capital(face value of Rs. 10/- each) | 56,369.64 | 56,358.77 | 56,337.50 |
| 7 | Reserves(excluding Revaluation Reserve as shown in Balance Sheet) | - | 3,93,238.55 | - |
| 8 i. | Earnings per share(EPS) before Extraordinary items | | | |
| | a) Basic EPS( Rs.) | 2.71 | 8.81 | 2.15 |
| | b) Diluted EPS( Rs.) (face value of Rs. 10/- each) | 2.70 | 8.81 | 2.15 |
| 8 ii. | Earnings per share(EPS) after Extraordinary items | | | |
| | a) Basic EPS( Rs.) | 2.71 | 8.81 | 2.15 |
| | b) Diluted EPS( Rs.) (face value of Rs. 10/- each) | 2.70 | 8.81 | 2.15 |

Notes: (1) The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI(Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com) (2) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 11th August, 2017. (3) The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

Place: Gandhinagar
Date: 11th August, 2017

For and on behalf of Gujarat State Petronet Limited
Dr. J. N. Singh, IAS
Managing Director

**KALPA-TARU**
**POWER TRANSMISSION LIMITED**

Registered Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382028
CIN : L40100GJ1981PLC004281
Tel No: +91 79 2321 4000 Fax : +91 79 2321 1966 E Mail : mktg@kalpatarupower.com

**Extract of Unaudited Standalone Financial Results for the Quarter ended June 30, 2017**

(₹ in Lakhs)

| Particulars | Quarter Ended: June 30, 2017 | Quarter Ended: June 30, 2016 | Year Ended (Audited): March 31, 2017 |
|---|---|---|---|
| Total Income from Operations | 1,20,689 | 1,18,737 | 5,01,074 |
| Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items) | 10,775 | 9,878 | 40,258 |
| Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items). | 10,775 | 9,878 | 40,258 |
| Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items) | 7,045 | 6,453 | 26,908 |
| Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 6,593 | 7,648 | 26,381 |
| Equity Share Capital (Face Value of ₹ 2 each) | 3,069 | 3,069 | 3,069 |
| Other Equity (excluding Revaluation Reserve) | | | 2,44,773 |
| Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations) | | | |
| a) Basic | 4.59 | 4.21 | 17.54 |
| b) Diluted | 4.59 | 4.21 | 17.54 |

Notes :
1. The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website www.kalpatarupower.com.
2. The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on August 11, 2017. The same have also been subjected to Limited Review by the Statutory Auditors.

For and on behalf of the Board of Directors

Place : Gandhinagar
Date : August 11, 2017

Manish Mohnot
Managing Director & CEO
DIN:01229696

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.
b. Members who hold shares in physical form are requested to register their e-mail ID by quoting their name and folio number with rahul.shah@kalpatarupower.com.